ફોજદારી કેસ નં.૫૮૨/૨૦૨૬
આંક ::-૦૬

| ભરૂચ જિલ્લાના મહે.શ્રી જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| વિરૂધ્ધ | |
| આરોપી : **સુકીબેન મહેશભાઈ વસાવા** | |

**ગુન્હો : – પ્રોહીબીશન એકટ કલમ– ૬૫એએ મુજબ.**

:: હુકમ ::

(ગુન્હા કબુલાત કરતા)

(૧) આરોપી/આરોપીઓ સામેના હાલના ગુન્હાની વિગત મુજબ આરોપી જાહેરમાં વગર પાસ પરમીટે દેશી દારુ પોતાના કબજામાં રાખી મળી આવેલા, આ સંજોગોમાં તેઓને ધોરણસર અટક કરી તપાસ કરનાર અમલદારે તપાસ કરી તેઓ સામે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ગુન્હાના કામે પ્રોસેસ ઈશ્યુ કરતા પોલીસ ઓથોરીટીએ તે પ્રોસેસની બજવણી કરી આરોપીને હાજર રખાવેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ,ત્યારબાદ આરોપીએ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરેલ છે, તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ લખી આપેલ છે.

(૩) કેસની હકીકત સુચવે છે કે આરોપી પાસેથી જે દેશી દારુ મળી આવેલ છે તેનો જથ્થો ઓછો છે, તે કોઈ ખુબ મોટો જથ્થો નથી. આવા પ્રકારના કેસનુ ભારણ ખુબ વધુ પ્રમાણમાં છે અને તે સબંધે જો ટ્રાયલ ચલાવવામાં આવે તો કોર્ટનો મહત્વનોતમામ સમય તેમાં પસાર થાય તેમ છે,જેના કારણે અન્ય ક્રિમીનલ કેસો તથા ખાસ કરીને સીવીલ કેસો પરત્વે ધ્યાન કેન્દ્રીત કરી શકાય તેમ નથી.વધુમાં ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો તેમાં જે પંચોનો ઉલ્લેખ છે તે કોઈ સરકારી પંચો નથી,એ જ રીતે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૧૬૫ મુજબની જરુરી કાર્યવાહી કરવામાં આવેલ હોવાનુ પણ જણાતુ નથી, જે ખામીયુકત તપાસ હોવા તરફ ઈસારો કરે છે. આ તમામ બાબત સાથે આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની તેઓની રજુઆત

ધ્યાને લઈ જો નજીવી સજા કરવામાં આવે તો તે પણ યોગ્ય હોવાનુ જણાઈ આવેછે તથા તેના પરીણામે આરોપીને સુધરવાની એક તક પણ મળવા સંભવ છે.

(૪) આથી કેસની ઉપરોકત હકીકતો સાથે આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ના નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેતા આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની કેદ અને દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનુ જણાતુ હોય, નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧) આરોપી/ આરોપીઓને ક્રિ.પ્રો.કોડની જોગવાઈ મુજબ તેઓ સામેના આક્ષેપીત ધી.પ્રોહીબીશન એકટ અન્વયેના ઉપરોકત કલમ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા તથા રુપીયા ૧૦૦/– (અંકે એકસો પુરા) દંડ કરવામાં આવે છે.

૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન– ૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) અપીલ સમય વિત્યે : પ્રોહીબીટેડ મુદામાલનો નાસ કરવો તથા મુદામાલ વાહન કે અન્ય મુદામાલ સબંધે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલ વાહન/મોબાઈલ તેના મુળ માલીક ને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં **લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગ** માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નેત્રંગ.

તા. ૧૧/૦૭/૨૦૨૬

દંડ રજીસ્ટર નં. થી

દંડની રકમ રૂા. ૧૦૦/– જમા લીધા.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

**(એચ.આર.ખમલ)**
જયુડી.મેજી.ફ.ક.
નેત્રંગ
(કોડ નં.૦૧૭૪૯)